



કુડાસણ નજીક વિકસેલ ન્યુ ગાંધીનગરમાં આવેલ પ્રમુખ આર્કેટ-૨ પાસેની ગટર લાઈન છેલ્લા પંદર દિવસથી ઉભરાઈ રહી છે. આ માટે ગુડાના સત્તાવાળાઓ સમક્ષ રજુઆત કર્યા પછી પણ કોઈ પગલાં ન લેવામાં આવતાં આસપાસની સોસાયટીના રહીશોમાં આક્રોશની લાગણી ઉભી થવા પામી છે. ન્યુ ગાંધીનગર તરીકે ઓળખાતો આ વિસ્તાર વાહકજન્ય રોગચાળા અને પાણીજન્ય રોગચાળા માટે સંવેદનશીલ આરોગ્યતંત્ર ગણી રહેલ છે પણ તંત્ર માત્ર ઓળખ આપી અને પછી સ્વચ્છતાના નામે ઝુંબેશો જરૂર કરે છે પરંતુ કામગીરીમાં જે ઉદાસીનતા દાખવે છે તે આગામી દિવસોમાં પાટનગરમાં ગંભીર રોગચાળાના સંકેત આપી રહેલ છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**બેટા, આ વખતે ઈકો ફ્રેન્ડલી ગણેજી લાવ્યો એ સારું કર્યું.... આવતા વખતે સાઉન્ડ પ્રુફ ગણપતી લાવવાનું રાખજે...**

# સે. ૨૮ જીઆઈડીસી ખાતે છોટાહાથીમાંથી બેટરી ચોરતા બે શંકાસ્પદ ઝડપાયા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જીઆઈડીસી સેક્ટર-૨૮ પ્લોટ નં. ૪૦૪માં રહેતા છગનભાઈ સવાભાઈ વાઘેલા જુના તેલના ડબ્બા સાફ કરી જુના ડબ્બા સપ્લાય કરવાનો વ્યાપાર ધરાવે છે. તેઓ ઉપરોક્ત પ્લોટમાં જ પરિવાર સાથે રહે છે.

ગાંધીનગર જીઆઈડીસીમાં કૃષ્ણ ટીન સપ્લાયર્સ, પ્લોટ નં. ૪૦૪માંથી ધોળા દિવસે બપોરે આશરે ૩ વાગ્યાની આસપાસ કમ્પાઉન્ડની અંદર પાર્ક કરેલ જીજે.૧૮.એક્સ.૧૧૬૧ ટાટાની એશ (છોટાહાથી) ગાડીમાંથી બેટરીની ચોરી થઈ હોય તેવુ માલુમ પડતા પ્લોટમાલિક છગનભાઈના દિકરાઓએ શોધખોળ કરતા બે શંકાસ્પદ વ્યક્તિઓને રસ્તા ઉપર બેટરીની આપલે કરતા નજરે પડ્યા હતા. તેઓએ બન્ને વ્યક્તિને ફેક્ટરી કૃષ્ણ ટીન ખાતે લાવી પીસીઆર વાનને ફોન કરતા સ્થળ ઉપર પોલીસવાન આવી હતી અને છગનભાઈના દિકરાની રજુઆતને આધારે બન્ને પકડાયેલ. શંકાસ્પદ વ્યક્તિઓને પીસીઆર વાનમાં વધુ તપાસ અર્થે પોલીસ સ્ટેશન લઈ ગયા હતા.

આજ સ્થળ ઉપર આજ વાહનમાંથી અગાઉ પણ બેટરીની જ ચોરી થયેલ હતી. છાસવારે સેક્ટર-૨૮ જીઆઈડીસીમાં ચોરીના બનાવો વધી રહ્યા છે. ઉદ્યોગપતિઓ અને આમ જનતા સરકાર દ્વારા કાયમી ધોરણે પગલા ભરવામાં આવે તેવી માંગ ઉઠી છે.




ગાંધીનગર તાલુકાના દંતાલી ગામે ડાહીબા ઉત્તર બુનિયાદી વિદ્યાલયમાં ખોરજના બ્રહ્માકુમારીઝ કેન્દ્ર દ્વારા વૃક્ષારોપણનું મહત્વ સમજાવવા જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલી સમગ્ર ગામમાં ફરી હતી અને વૃક્ષોના જતનનો જાહેર સંદેશ પાઠવ્યો હતો તેમજ શાળા કેમ્પસમાં વૃક્ષારોપણ પણ કરાયુ હતુ. રેલીમાં શાળાના આચાર્ય સહિત સ્ટાફ અને બ્રહ્માકુમારીઝની બહેનો તથા વિદ્યાર્થીઓ જોડાયા હતા.

# રાજયના ૯૫ શ્રેષ્ઠ શિક્ષકોને એવૉર્ડ અપાશે

## વર્ગ -૨ના અધિકારીઓ શ્રેષ્ઠ શિક્ષકોને વી.આઇ.પી. તામજામ સાથે એસ્કોર્ટ કરીને લાવશે

રાજયના શ્રેષ્ઠ શિક્ષકોને સરકાર દ્વારા પ્રતિવર્ષ સન્માનિત કરવામાં આવે છે. આ વર્ષે પણ શિક્ષકદિન નિમિત્તે આગામી તા ૫ સપ્ટેમ્બરના રોજ રાજયના ૯૫ શ્રેષ્ઠ શિક્ષકોને સરકાર દ્વારા સન્માનિત કરવામાં આવશે. પરંતુ આ વર્ષે સન્માનિત કરનાર શિક્ષકો માટે સરકારે વી આઇ પી તામજામ કર્યો છે.અલબત્ત સાચા અર્થમાં સમાજને ઉજ્જવળ દિશામાં લઈ જવાનુ કામ કરતા શિક્ષકોને પુરતા માન સાથે સન્માનિત કરવા નવતર આયોજન કરાયુ છે. વર્ગ-૨ ના અધિકારીઓ શિક્ષકોને એસ્કોર્ટ કરી સન્માન સમારંભ સુધી લઈ આવશે.જેના લીધે શિક્ષકોનુ ગૌરવ પણ વધશે.

રાજય સરકાર દ્વારા શિક્ષકો માટે વિશિષ્ઠ વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રેષ્ઠ શિક્ષકોને સરકારના વર્ગ -૨ અધિકારીઓ ઘરે રિસીવ કરવા જશે જયારે આ શિક્ષકોને કારમાં બેસાડી સન્માન સમારંભના સ્થળે પહોંચાડવમાં આવશે. સરકારના વર્ગ-૨ અધિકારીઓ આ શ્રેષ્ઠ શિક્ષકોને વી આઇ પી સેવા પુરી પાડશે. મુખ્યમંત્રીના આ નિર્ણયથી શિક્ષણવર્તુળમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે. વર્ગ-૨ ના અધિકારીઓ શિક્ષકોને એસ્કોર્ટ કરી સન્માન સમારંભના સ્થળે લઇ જશે. જેના લીધે શિક્ષકોમાં નવા ઉત્સાહનો સંચાર થશે. બાળકોને પાયાનુ શિક્ષણ આપી સમાજ જીવનને તંદરસ્ત રાખવા તેમજ તેજસ્વી બાળકોની શૈક્ષણિક કારકીદીના ઘડતર માટે પ્રયત્નશીલ શિક્ષકોને પણ સરકારની આ નિતીથી પ્રોત્સાહક બળ મળશે. જયારે શિક્ષકોને સાચા અર્થમાં માન આપવાની સરકારના આ અભિગમથી શિક્ષકગણમાં પણ ગૌરવની લાગણી વ્યાપી છે. રાજયના ૯૫ શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષકોનો એવૉર્ડ એનાયત કરવામાં આવશે. જયારે પ્રથમવાર આ રાજયના વિવિધ વિસ્તારમાંથી અધિકારીઓને શિક્ષકોને પુરતા માન સન્માન સાથે સમારંભના સ્થળે પહોંચાડવાની જવાબદારી પણ સોંપવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાંથી પણ એક માધ્યમિક શિક્ષકને રાજય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માનિત કરવામાં આવશે આ ઉપરાંત જિલ્લા કક્ષાના ૩ શિક્ષકો તેમજ તાલુકા કક્ષાએ પણ ૨ શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માનિત કરવામાં આવશે.

# વાવોલ શાલીન-૩ના મકાનમાંથી તસ્કરો ૧.૨૬ લાખની ચોરી કરી ફરાર

## ૧૫ દિવસથી પરિવાર પિતાના અવસાનને પગલે કેરાલા ગયો હતો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરમાં તસ્કરોએ તરખાટ મચાવ્યો છે. ન્યું વાવોલની સોસાયટીના બંધ મકાનોને તસ્કર ટોળકી સરળતાથી ટાર્ગેટ કરી રહી છે. તસ્કરો પોલીસને પડકાર ફેંકી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. સેક્ટર-૨૬ જીએસપીએલ કંપનીમાં ઉચ્ચ હોદા પર ફરજ બજાવી રહેલા ઘર માલિક પોતાના પિતાના અવસાનને પગલે કેરાલા ગયા હતા તે સમયે ચોર ટોળકીએ મકાનને નિશાન બનાવ્યું હતું. વાવોલ શાલીન-૩ સ્થિત મકાન નં.૫૧માં તસ્કરો ત્રાટકીને ઘરમાં રહેલા રૂ. ૧.૨૬ લાખની મત્તા લઈ અંધારામાં અદ્રશ્ય થઈ ગયા હતા.




પ્રાપ્ત માહિતી મુજબ વાવોલ શાલીન-૩ ખાતે આવેલા મકાન નં.૫૧માં રહેતા કિશક્કે પુટારુ રાધાકિષ્ણન (ઉં.વ.૫૦)ના પિતાનું અવસાન થતા તેઓ ગત તા.૧૭ ઓગસ્ટના રોજ પરિવાર સાથે વતન કેરાલા ગયા હતા. સોમવારના રોજ તેઓ વતન કેરાલાથી પરત ફર્યા હતા. ત્યારે તેઓએ ઘરનો દરવાજો ખોલીને અંદર જોયું તો ઘરમાં રહેલો સામાન વેર-વિખેર પડ્યો હતો.ઘરની બારીના બે સળીયા તુટેલી હાલતમાં હતા. ઘરમાં તપાસ કરતા બેડરૂમમાં રહેલા કબાટનો સામાન પણ અસ્તવ્યસ્ત હાલતમાં પડેલો હતો. જયારે ઘરમાં રહેલા રૂ.૯ હજાર રોકડા, સોની ચેઈન, ચાર જોડી બુટ્ટી, એક વીંટી મળીને કુલ ૧.૧૭ લાખની કિંમતના દાગીના ગાયબ હતા. બનાવ અંગે પોલીસને જાણ કરતા સેક્ટર-૭ પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. એફએસએલની મદદ લઈ



તપાસનો ધમધમાટ શરુ કરાયો છે. ત્યારે ચોર બારીના બે સળીયા તોડીને અંદર ઘુસ્યા હોય તેમ લાગી રહ્યું છે. જયારે સંકલ રેસીડેન્સીના બંધ મકાનમાં ઘરફોડ ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા છે તેમા સીસીટીવી ફુટેજમાં પાંચ શખ્સો કેદ થયા છે. વાવોલાના નારાયણ નગરમાં પણ એક મકાનમાં ચોરી થઈ હોવાનું જાણવા મળ્યું છેજો કે તેને લઈ હજુ સુધી કોઈ ફરીયાદ નોંધાઈ નથી. વાવોલ વિસ્તારમાં પોલીસ પેટ્રોલીંગ વધુ સઘન બનાવાય તેવી માંગ નાગરીકોમાં ઉઠવા પામી છે.






ગાંધીનગર બ્રહ્મસમાજ આયોજિત ગણેશોત્સવમાં પ્રથમ દિવસે શ્રીજીની ભવ્ય શોભાયાત્રા અને સ્થાપના બાદ સાંજે આરતીના અંતે સે-૧૬ સ્થિત બ્રહ્મભવન ખાતે ગીતોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ દરમિયાન સમાજના કલાકારોએ એક થી એક ચઢિયાતા ગીતો રજુ કરી ઉપસ્થિત શ્રોતાઓના દિલ જીતી લીધા હતા. ગાંધીનગર બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીન રાવલ તેમજ મુખ્ય સરકારી વકીલ હીતેશ રાવલ નરેન્દ્ર વ્યાસ, નીલાબેન શુકલ સહીત સમાજના આગેવાનોએ વિશેષ હાજરી આપી કલાકારોને પ્રોત્સાહીત કર્યા હતા. કાર્યક્રમનુ સંચાલન જયશ્રીબેન ખેતિયાએ કર્યુ હતુ.

# એલ.આઈ.સી. દ્વારા ૬૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે જિલ્લામાં વિવિધ કાર્યક્રમો

## વર્ષ ૨૦૧૮-૧૯માં ૨૧૭૩૯૪ પોલિસીનુ વેચાણ કરી ગાંધીનગર વિભાગે સમગ્ર ઝોનમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ

ભારતીય જીવન વિમા નિગમ દ્વારા ૬૩ માં સ્થાપના દિવસની ઉજવણી અન્વયે દેશભરમાં વિમા સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. ગાંધીનગર વિભાગે પણ વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન ૧૩.૯૦ ટકા ના વૃધ્ધિદર સાથે ૨૧૭૩૯૪ પોલિસીનુ વેચાણ કરી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી નોંધપાત્ર સિધ્ધિ હાંસલ કરી છે. સપ્તાહ દરમિયાન એલ આઈ સીની ગાંધીનગર ડિવિઝનલ કચેરી દ્વારા વૃક્ષારોપણ , આરોગ્ય નિદાન કેમ્પ, વોટર કુલર ભેટ સહીતના કાર્યક્રમો યોજાશે.

ભારતીય જીવન વિમા નિગમના ૬૩ માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે ગાંધીનગર ડિવિઝનલ કચેરીના વરિષ્ટ મંડલ પ્રબંધકે વિગતો આપતા જણાંવ્યુ હતુ કે ગત વર્ષ ૨૦૧૮-૧૯ ના અંતે ૧૩.૯૦ ટકા વૃધ્ધિદર સાથે ૨૧૭૩૯૪ પાલિસીનુ વેચાણ કરી ગાંધીનગર વિભાગે સમગ્ર ઝોનમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. જયારે જુથ વિમા યોજના ક્ષેત્રે કુલ ૨૦૮.૪૨ કરોડની પ્રીમિયમ આવક મેળવી છે. પ્રધાનમંત્રી જીવન જયોતિ વીમા યોજનામાં ૬૨૩૭૧ વ્યકિતના વીમાનુ નવિનીકરણ તેમજ ૧૧૮૫૭૬ નવા વ્યકિતઓને વીમા



યોજનામાં સામેલ કરવામાં આવ્યા છે. જયારે આમ આદમી વિમા યોજનામાં ૧૨૬ દાવાઓમાં ૫૩,૪૦૦૦૦ની ચુકવણી કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૮-૧૯ ના અંતે વિભાગે કુલ ૨૪૯૮૧૮ દાવા હેઠળ રૂ ૧૩૦૬,૩૨ કરોડની ચુકવણી કરવામાં આવી છે.ભારતીય જીવન વીમા નિગમના ૬૩ માં સ્થાપના દિવસ નિમિત્તે સંસ્થા દ્વારા ધ્વજારોહણ, એન્થમ, પ્રતિજ્ઞા, આ અન્વયે સ્વચ્છ ભારત અભિયાનની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જયારે તા ૪ સપ્ટેમ્બરના રોજ સ્ટાફ તેમજ જરૂરિયાતમંદો માટે વિના મુલ્યે મેડિકલ ચેક અપ કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ યોજાશે. જયારે રોપાઓનુ વિતરણ પણ કરાશે. તા ૫ સપ્ટેમ્બરના રોજ શાળા કોલેજોમાં પણ વિવિધ પ્રવૃતિ હાથ ધરાશે.તા ૬ સપ્ટેમ્બરના રોજ ચિત્ર સ્પર્ધા, સ્ટાફના સભ્યો માટે કવિઝ કોમ્પીટીશન તા ૭ સપ્ટેમ્બરના રોજ વિવિધ શાળાઓમાં વોટર કુલરનુ વિતરણ કરાશે.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા ખાતે કિસાન મેળો યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા ખાતે જળ શક્તિ અભિયાન ૨૦૧૯ અંતર્ગત કિસાન મેળો યોજાયો હતો. જેમાં કાર્યક્રમના અધ્યક્ષસ્થાને જળ શક્તિ અભિયાન અંતર્ગત જીલ્લાના નોડલ ઓફિસર દર્શનાબેન ડબરાલ, સયુંકત સચિવ,ભારત સરકાર તેમજ મહેમાનો અરવિંદ ચૌધરી, નિયામક, શીપીંગ મંત્રાલય, ભારત સરકાર, જીલ્લા કલેક્ટર એસ.કે. લાંગા, જીલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલ,ધારાસભ્ય શંભુજી ઠાકોર તેમજ દિનેશ ગૌરવ, જળશક્તિ અભિયાન પ્રતિનિધિ, ભારત સરકાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ જીલ્લામાં પાણીનું સ્તર ખુબ જ નીચું છે અને વરસાદ પણ ખુબ જ ઓછો પડતો હોવાથી ખેડૂત ભાઈઓ-બહેનોએ ખેતીમાં સુક્ષ્મ પિયત પદ્ધતિઓ અપનાવવી પડશે તેમજ ઘરગથ્થું કે ઉદ્યોગોમાં જે પાણીનો બગાડ થાય છે. કલેક્ટર દ્વારા જણાવવામાં આવ્યું હતુ કે જળ શક્તિ અભિયાન અંતર્ગત જીલ્લામાં ખુબ જ સારી કામગીરી ચાલી રહી છે અને વધુમાં વધુ અને છેવાડાના લોકો સુધી આ અભિયાન પહોંચે તેવા પ્રયત્નો કરવાની જરૂર છે. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો પોતાના ઉદ્દબોધનમાં જણાવેલ કે વરસાદી પાણીનો જુદી જુદી પદ્ધતિઓ દ્વારા સંચય કરી તેમજ બોર કે કુવા રીચાર્જ કરી ખેતીમાં પિયત તરીકે ઉપયોગમાં લઈ શકાય તેવા પ્રયત્નો કરવા જોઈએ.

## સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા શિવમહિમ્ન પાઠનું આયોજન

ગાંધીનગર, તા.૩

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ ગાંધીનગર દ્વારા દર વર્ષે શ્રાવણ માસ નિમિત્તે આખો માસ દરરોજ શિવમહિમ્ન પાઠનું આયોજન કરવામાં આવે છે. છેલ્લે શ્રાવણ માસની અમાવસ્યાના દિવસે સેકટર-૪-એ ઓમકારેશ્વર મહાદેવના મંદિરે શિવમહિમ્ન પાઠ કરી સમાપન કરવામાં આવ્યું હતું. આ શિવમહિમ્ન પાઠમાં બ્રહ્મસમાજ મહિલા પાંખ અને સેકટરની વસાહતી બહેનો હાજર રહી હતી. આ શિવમહિમ્ન પાઠનું આયોજન કોર્પોરેટર પ્રવિણાબેન વોરા, ચંદ્રિકાબેન રાવલ સહિત ટ્રસ્ટી જગદીશભાઈ રાવલ દ્વારા કરાયુંહતું.

**વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન**

WASMO

**જાહેર નિવિદા નં. ૨૨ સને ૨૦૧૯-૨૦**

યુનિટ મેનેજરશ્રી, જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ બીજો માળ, આદર્શ હાઈસ્કૂલની પાછળ, ડેરી રોડ, પાલનપુર દ્વારા જુદી-જુદી જળ અને સ્વચ્છતા સમિતિ વતી ઓગમેન્ટેશન ઓફ ટેપ કનેક્ટીવીટી ઈન જનરલ એન્ડ ટ્રાયબલ યોજના હેઠળ નીચે મુજબના કામો માટેના ભાવો માન્ય કોન્ટ્રાક્ટરો પાસેથી માંગવામાં આવે છે. કામની કુલ અંદાજીત રકમ કામની સામે દર્શાવેલ છે. કોરા ટેન્ડરો જળ અને સ્વચ્છતા સમિતિ પાસેથી તા. ૫/૯/૨૦૧૯ સુધીમાં જરૂરી ટેન્ડર ફી, એફ.ડી.આર., રજીસ્ટ્રેશન નકલ, રાષ્ટ્રીયકૃત બેંકનું સોલવંશી પ્રમાણપત્ર આપવાથી ઈસ્યુ કરવામાં આવશે. અને ભાવ ભરી રજી.પો.એ.ડી.થી તા. ૧૨/૯/૨૦૧૯ સુધીમાં જળ અને સ્વચ્છતા સમિતિને પરત મોકલવાના રહેશળે. અને GSTના નિયમો લાગુ પડશે. કરેલ કામગીરીનું ૯૦% ચુકવણું પાણી સમિતિ દ્વારા કરવામાં આવશે. બાકી રહેલ ૧૦% રકમનું યોજના ચાલુ કર્યા બાદ ચુકવણું કરવામાં આવશે. કોઈપણ જાતનું કારણ આપ્યા વગર આવેલ ભાવો પૈકી કોઈપણ ટેન્ડર મંજુર કરવા કે બધા જ ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર ગ્રામ્ય પાણી સમિતિના અધ્યક્ષશ્રીનો રહેશે. માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com

ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો હેલ્પલાઈન નંબર ૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.

| અ. નં. | કામનું નામ | ૧) અંદાજીત રકમ<br>૨) ટેન્ડર ફી રૂ.<br>૩) શ્રેણી |
|---|---|---|
| ૧ | ઘોડાસર તાલુકોઃથરાદ મુકામે ઓગમેન્ટેશન ઓફ ટેપ કનેક્ટીવીટી ઈન જનરલ એન્ડ ટ્રાયબલ યોજના હેઠળ પાઈપલાઈનનું કામ. | ૧) રૂ. ૪,૯૩,૭૬૮.૦૦<br>૨) રૂ. ૬૦૦.૦૦<br>૩) ઈ-૨ ક્લાસ તથા ઉપર |

નં. નામાનિ/પાલન/૨૬૫/૨૦૧૯-૨૦૨૦

## શિક્ષક દિન નિમિત્તે જળ સંચયને લઈ ચિત્રસ્પર્ધા

ગાંધીનગર જિલ્લામાં ૫મી સપ્ટેમ્બરને શિક્ષક દિનની ઉજવણી નિમિત્તે જિલ્લાની પ્રા. શાળાના બાળકો "જળ સંચય" વિષયને લઈ એક ચિત્ર સ્પર્ધામાં ભાગ લઈ પોતાની અભિવ્યક્તી કરશે.

જિલ્લામાં ચાલી રહેલ જળશક્તિ અભિયાનના ભાગરૂપે આવી ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી રહી છે. ૫મી સપ્ટેમ્બરનો દિવસ એ શિક્ષક દિન તરીકે ઉજવાય છે ત્યારે બાળકો જળસંચયને લઈ જે ભણ્યા છે તેની અભિવ્યક્તી કરી જળ સંચય અભિયાનમાં પોતાનું આગવુ પ્રદાન કરશે. આ સ્પર્ધા માટેની સૂચનાઓ તંત્ર દ્વારા આપી દેવામાં આવી છે.

## ઉનાવા ગામે જુગાર રમતા ૪ શકુની ઝડપાયા

ગાંધીનગર શહેરને અડીને આવેલા ઉનાવા ગામની સીમામાં ખેતર પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ૪ ઈસમોને પેથાપુર પોલીસે દબોચી લીધા હતા. પેથાપુર પોલીસ મથકના એએસઆઈ હર્ષરાજસિંહને બાતમી મળી હતી જેને પગલે પોલીસે ભેણીયુ નામના સીમાડામાં જુગાર રમી રહેલા ઉનાવા ગામના જ નિલેશ નટવર પટેલ, પ્રદ્યુમન ભીખા ત્રિવેદી, મોહન રામસિંહ ડાભી, રાજેશ મણીલાલ પટેલનો સમાવેશ થાય છે. જુગારીઓ પાસેથી રૂ.૮૮,૫૩૦ રોકડા, ૩ મોબાઈલ કિ.૧૫,૦૦૦, તેમજ જી.જે. ૧૮.સી.એચ.-૫૭૪૦ નંબરનું એકટીવા, તેમજ જી.જે.૧૮. સી.આર.-૨૨૩૧ નંબરનું એકસેસ મળી કુલ રૂ.૧,૫૩, ૫૩૦ કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે ચારેય સામે જુગારધારા હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## સેકટર-૧૬ ખાતે ઘરનો દરવાજો ખુલ્લો રહેતા મોબાઈલની ચોરી

ગાંધીનગર,તા.૩

ગાંધીનગર શહેરના સેકટર-૧૬ ચ ટાઈપ બ્લોક નં.૬૧-૧ ખાતે રહેતો કૃણાલસિંહ વાઘેલા ઉં.વ.૧૯ ગત તા.૮ જુલાઈના રોજ ગરમીને કારણે ઘરનો દરવાજો અડધો ખુલ્લો મુકીને સુઈ ગયો હતો. સવારે યુવાને ઉઠીને જોયું તો પલંગ પર ઓશીકાની નીચે મુકેલો મોબાઈલ ફોન ગાયબ હતો. ઘરનો દરવાજો ખુલ્લો રહી જતા યુવકનો મોબાઈલ કોઈ ઉઠાવી ગયું હતું. ફોનની કિંમતની વધુ ન હોવાથી યુવકે તે સમયે ફરીયાદ કરવાનું ટાળ્યું હતું.

## વૈષ્ણોદેવી ગોરબંધ હોટલ પાસેથી બાઈકની ઉઠાંતરી

અમદાવાદના ચાંદખેડા સત્યમેવ હોસ્પિટલ નજીક આવેલા સમન્વય ફલેટ નં.૩૦૪ ખાતે રહેતો હાર્દિક વિનોદભાઈ વાણીયા સાણંદ ખાતે નેનો પ્લાન્ટમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવે છે. તે વૈષ્ણોદેવી સર્કલ પાસે ગોરબંધ હોટલ પાસે બાઈક મુકીને રોજ સવારે ૪.૩૦ કલાકે કંપનીની બસમાં નોકરી પર જતો હતો. પરંતુ ગત તા.૮-૮-૧૯ ના રોજ સવારે ૪.૩૦ કલાકે પોતાનું બાઈક નં. જી.જે.૦૧.એલ.ઝેડ-૪૩૭૦ મુકીને નોકરી પર બસમાં બેસીને ગયો હતો.ત્યારબાદ બપોરના સુમારે ૨ વાગે નોકરી થી પરત આવીને જોયું તો જે સ્થળ પર બાઈક ન હતું.